# ભારત બાંગલાદેશને રૂ. ૨૯ હજાર કરોડનું ધિરાણ આપશે: બન્ને દેશો વચ્ચે ૨૨ સમજૂતી



**નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, બાંગલાદેશનાં વડાં પ્રધાન શેખ હસીના અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ વિડિયો કોન્ફરન્સની મદદથી કોલકાતા-ખુલના પ્રવાસી ટ્રેનને બટન દબાવી લીલી ઝંડી બતાવી હતી.** *(ફોટોસૌજન્ય: Sarkaritel.com)*

**નવી દિલ્હી:** વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગલાદેશનાં વડાં પ્રધાન શેખ હસીનાએ શનિવારે દ્વિપક્ષીય મંત્રણા કરી કોલકાતા-ઢાકા બસસેવા સહિત ૨૨ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં બિનલશ્કરી પરમાણુ સંધિ અને સંરક્ષણ સહકાર મોરચે થયેલા બે એમઓયુનો પણ સમાવેશ થાય છે. ભારતે બાંગલાદેશમાં પ્રોજેક્ટ હાથ ધરવા ૪.૫ અબજ ડોલર (રૂ. ૨૯ હજાર કરોડ)નું ધિરાણ આપવાની જાહેરાત કરી હતી. વડા પ્રધાન મોદીએ હૈદરાબાદ હાઉસમાં સંયુક્ત પત્રકાર પરિષદમાં કહ્યું કે બાંગલાદેશમાં રોકાણ માટે ભારતે હળવા વ્યાજદરે ૪.૫ અબજ આપવાનું ઠરાવ્યું છે.

બન્ને દેશોનાં વડાં પ્રધાને પશ્ચિમ બંગાળના રાધિકાપુરથી બાંગલાદેશના ખુલના સુધીની બસસેવાનું ઉદ્ઘાટન કર્યું હતું. બન્ને નેતાઓએ અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ વિડિયો કોન્ફરન્સની મદદથી કોલકાતા-ખુલના પ્રવાસી ટ્રેનને બટન દબાવી લીલી ઝંડી બતાવી હતી. આ ટ્રેનસેવા જુલાઈ, ૨૦૧૭થી શરૂ થશે.

દરમિયાન એક કાર્યક્રમમાં શેખ હસીના દ્વારા બાંગલાદેશના મુક્તિ સંગ્રામના શહીદોના પરિવારોના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. ભારતની ચાર દિવસની મુલાકાતે આવેલાં શેખ હસીનાએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમ જ અન્ય નેતાઓને ભેટસોગાદ આપી હતી. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*